+ ZOOM ✕

બે ઓવર્સની વચ્ચે ૬૦ સેકન્ડ કરતાં વધારે સમય થતાં પેનલ્ટી ફટકારાઈ

સૂર્યકુમાર અને દૂબેએ ભારતની લાજ બચાવી, અમેરિકાને પાંચ રનની પેનલ્ટી

। ન્યૂયોર્ક ।

પેસ બોલર અર્શદીપે ચાર વિકેટ ઝડપ્યા બાદ મિડલ ઓર્ડરમાં સૂર્યકુમાર અને શિવમ દુબેએ નોંધાવેલી મહત્ત્વપૂર્ણ ભાગીદારીની મદદથી ભારતે આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપના ગ્રૂપ-એની લીગ મેચમાં અમેરિકાને સાત વિકેટે હરાવીને સુપર-૮માં પ્રવેશ કરી લીધો હતો. અમેરિકાના આઠ વિકેટે ૧૧૦ રનના જવાબમાં ભારતે ૧૮.૨ ઓવરમાં ત્રણ વિકેટે ૧૧૧ રન બનાવીને વિજય હાંસલ કરી લીધો હતો. આ મેચમાં સ્લો ઓવર રેટ માટે અમેરિકાને પાંચ રનની પેનલ્ટી ફટકારવામાં આવી હતી જેના કારણે ભારતને પાંચ રન ઓછા કરવાના આવ્યા હતા. અમેરિકાએ ૮૦ મિનિટના નિર્ધારિત સમયમાં ઓછી ઓવર્સ નાખી હતી. સ્લો ઓવર રેટ માટે અમેરિકન ટીમને ત્રણ વખત વૉર્નિંગ મળી હતી અને આખરે ૧૫મી ઓવર બાદ પાંચ રનની પેનલ્ટી મળી હતી. સૂર્યકુમાર ૪૯ બોલમાં ૫૦ તથા દુબે ૩૧ રન બનાવીને અણનમ રહ્યાહતા. નેત્રવાલકરે ૧૮ રનમાં બે વિકેટ ઝડપી હતી.

અણીના સમયે ઇજા, મોનાંક મેચમાંથી બહાર

મુળ ગુજરાતના આણંદનો વતની તથા અમેરિકામાં સ્થાયી થયેલો સુકાની મોનાંક પટેલને અણીના સમયે ઇજા થતાં તેને ભારત સામેની મહત્ત્વપૂર્ણ મેચમાંથી બહાર થવાની ફરજ પડી હતી. મોનાંક ભારતીય સુકાની રોહિત શર્મા સાથે ટોસ ઉછાળવા માટે ઘણા લાંબા સમયથી આતુરતાથી રાહ જોઇ રહ્યો હતો. ભારત સામેની વર્લ્ડ કપ મેચમાં નહીં રમી શકવાનો તેને હંમેશાં અફસોસ રહેશે.

સ્કોર બોર્ડ

અમેરિકા	રન	બોલ	૪	૬
જહાંગીર એલની બો. અર્શદીપ	૦	૧	૦	૦
ટેલર બો. અક્ષર	૨૪	૩૦	૦	૨
ગુસ કો. હાર્દિક બો. અર્શદીપ	૨	૫	૦	૦
જોન્સ કો. સિરાજ બો. હાર્દિક	૧૧	૨૨	૦	૧
નીતિશ કો. સિરાજ બો. અર્શદીપ	૨૭	૨૩	૨	૧
એન્ડરસન કો. પંત બો. હાર્દિક	૧૪	૧૨	૧	૧
હરમીત કો. પંત બો. અર્શદીપ	૧૦	૧૦	૦	૧
વાન શાર્લ્ડ અણનમ	૧૧	૧૦	૧	૦
જરદીપ રનઆઉટ	૨	૬	૦	૦

એક્સ્ટ્રા : ૯. કુલ : (૨૦ ઓવરમાં ૮ વિકેટે) ૧૧૦. વિકેટ : ૧-૦, ૨-૩, ૩-૨૫,૪-૫૬, ૫-૭૧, ૬-૬૬, ૭-૯૮, ૮-૧૧૦.

બોલિંગ : અર્શદીપ : ૪-૦-૯-૪. સિરાજ : ૪-૦-૨૫-૦. બુમરાહ : ૪-૦-૨૫-૦, હાર્દિક : ૪-૦-૧૪-૨, શિવમ : ૧-૦-૧૧-૦, અક્ષર : ૩-૦-૨૪-૧.

ભારત	રન	બોલ	૪	૬
રોહિત કો. હરમીત બો. નેત્રાવલકર	૩	૬	૦	૦
વિરાટ કો. ગુસ બો. નેત્રાવલકર	૦	૧	૦	૦
પંત બો. અલી ખાન	૧૮	૨૦	૧	૧
સૂર્યકુમાર અણનમ	૫૦	૪૬	૨	૨
દુબે અણનમ	૩૧	૩૫	૧	૧

એક્સ્ટ્રા : ૬. કુલ : (૧૮.૨ ઓવરમાં ૩ વિકેટે) ૧૧૧. વિકેટ : ૧-૧, ૨-૨૦, ૩-૩૯.

બોલિંગ : નેત્રાવલકર : ૪-૦-૧૮-૨. અલી ખાન : ૩.૨-૦-૨૧-૧. જસદીપ : ૪-૦-૨૪-૦. શાહલે : ૪-૦-૨૫-૦. એન્ડરસન : ૩-૦-૧૭-૦.

વરસાદના ભારે વિઘ્ન વચ્ચે શ્રીલંકા-નેપાળ બહાર થવાના આરે, સા. આફ્રિકા સુપર-૮મા

। લોડરહિલ (અમેરિકા) ।

શ્રીલંકા અને નેપાળ વચ્ચે ટી૨૦ વર્લ્ડ કપના ગ્રૂપ-ડીનો મુકાબલો ભારે વરસાદના કારણે રદ કરવામાં આવ્યો હતો જેના કારણે આ ગ્રૂપમાં સાઉથ આફ્રિકા સુપર-૮ માટે ક્વોલિફાય થનાર પ્રથમ ટીમ બની ગઈ છે. વરસાદના કારણે એક પણ બોલની રમત શક્ય બની નહોતી. શ્રીલંકા અને નેપાળ બંનેને એક-એક પોઈન્ટ મળ્યો છે જેના કારણે બંને ટૂર્નામેન્ટની બહાર થવાના આરે પહોંચી ગઈ છે. સાઉથ આફ્રિકાએ પોતાના ગ્રૂપની તમામ ત્રણેય મેચ જીતી છે. બાંગ્લાદેશ આ ગ્રૂપમાં બીજા ક્રમે છે. તેના અને નેધરલેન્ડ્સના સમાન બે-બે પોઈન્ટ છે પરંતુ બાંગ્લાદેશ વધારે સારા રનરેટના આધારે બીજા ક્રમે છે.

બાંગ્લાદેશ અને નેધરલેન્ડ્સ આજે સુપર-૮ની આશા જીવંત રાખવા રમશે

। કિંગ્સટાઉન ।

બાંગ્લાદેશ અને નેધરલેન્ડ્સની ટીમો આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપના સુપર-૮ રાઉન્ડમાં પ્રવેશવાની આશા સાથે ગુરુવારે એકબીજાને હરાવવાના પ્રયાસ કરશે. સાઉથ આફ્રિકા ગ્રૂપ-ડીમાં ટોચના ક્રમે રહીને આગામી રાઉન્ડ માટે ક્વોલિફાય થઈ ચૂકી છે. બાંગ્લાદેશ ગ્રૂપમાં બીજા ક્રમે છે અને તેના નેધરલેન્ડ્સ જેટલા જ બે પોઈન્ટ છે. બાંગ્લાદેશની ટીમ વધારે સારા રનરેટના આધારે ગ્રૂપમાં બીજા ક્રમે છે. નેપાળ અને શ્રીલંકાને એક-એક પોઈન્ટ છે પરંતુ તેમની પાસે પણ ગ્રૂપમાં બીજા ક્રમે રહીને સુપર-૮માં સ્થાન મેળવવાની તક છે. બાંગ્લાદેશે પોતાની પ્રથમ મેચમાં શ્રીલંકાને બે વિકેટે હરાવ્યું હતું પરંતુ સાઉથ આફ્રિકા સામે તેના બેટ્સમેનો નાના ટાર્ગેટને હાંસલ કરવામાં નિષ્ફળ રહ્યા હતા જેના કારણે શ્રીલંકન ટીમ જો અને તોની સ્થિતિમાં ફસાઈ છે.

ન્યૂઝીલેન્ડ માટે કરો યા મરોની મેચ, વિન્ડીઝ સામે હારે તો બહાર

ગ્રૂપ-સીમાં ન્યૂઝીલેન્ડ તળિયાના સ્થાને છે, સવારે ૬:૦૦ વાગ્યાથી પ્રારંભ થશે

। તોરૂબા ।

ન્યૂઝીલેન્ડે ટી૨૦ વર્લ્ડ કપમાં પોતાની આશા જીવંત રાખવી હોય તો તેણે યજમાન વેસ્ટ ઇન્ડિઝ સામે ગુરૂવારે સવારે રમાનારા મુકાબલામાં કરો યા મરોના અભિગમ સાથે કોઈ પણ ભોગે મેચ જીતવી પડે તેમ છે. અફઘાનિસ્તાન સામે કિવિ ટીમના બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતાઅને પૂરી ટીમ ૧૫.૨ ઓવરમાં માત્ર ૭૫ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગઈ હતી. કિવિ ટીમનો ૮૪ રનથી પરાજય થયો હતો. તેનો નેટ રનરેટ પણ ખરાબ છે અને તે ગ્રૂપ-સીમાં છેલ્લા સ્થાને છે. વર્લ્ડ કપમાં ન્યૂઝીલેન્ડનું પ્રદર્શન શાનદાર રહેતું હોય છે. કિવિ ટીમ છેલ્લા ત્રણ વન-ડે વર્લ્ડ કપ અને ત્રણ ટી૨૦ વર્લ્ડ કપની સેમિફાઈનલ સુધી પહોંચી હતી પરંતુ આ વખતે તેની સામે અનેક પડકાર રહ્યા છે. અફઘાન સામે તેના બે બેટ્સમેનો બેવડાં આંકનો સ્કોર નોંધાવી શક્યા હતા.

છેલ્લી મેચમાં ન્યૂઝીલેન્ડની ફિલ્ડિંગ પણ નીચલા સ્તરની રહી હતી. તેના ફિલ્ડર્સે આસાન કેચ ડ્રોપ કરવા ઉપરાંત સ્ટમ્પ આઉટ કરવાની તકો ગુમાવી હતી. બીજી તરફ યજમાન વેસ્ટ ઇન્ડિઝ સામે કોઈ મુશ્કેલીઓ નથી. તે સતત ત્રીજો વિજય હાંસલ કરીને સુપર-૮માં આસાનીથી સ્થાન મેળવવી શકે છે. પાપુઆ ન્યૂ ગિની સામે વિન્ડીઝને સંઘર્ષ બાદ વિજય મળ્યો હતો પરંતુ છેલ્લી મેચમાં યુગાન્ડાને ૩૯ રનમાં ઓલઆઉટ કરીને ૧૩૪ રનના જંગી માર્જિનથી વિજય મેળવ્યો હતો.

ઓસ્ટ્રેલિયાએ માત્ર ૩૪ બોલમાં ટાર્ગેટ હાંસલ કર્યો, સુપર-૮ માટે ક્વોલિફાય

નામિબિયાને (૭૨) નવ વિકેટે હરાવ્યું, ઓસ્ટ્રેલિયા ૭૩/૧

। એન્ટીગુઆ ।

ઓસ્ટ્રેલિયા સતત ત્રણ મેચ જીતી ટી-૨૦ વર્લ્ડકપમાં સુપર-૮ માટે ક્વોલિફાઈ કરી ચૂકી છે. ઓસ્ટ્રેલિયાએ ત્રણ મેચ રમી છેને ત્રણેય મેચમાં વિજય પ્રાપ્ત કર્યો છે. નામિબિયા સામે ઝામ્પાએ શાનદાર બોલિંગ કરી ચાર વિકેટ ઝડપી ટીમને વિજય અપાવ્યો હતો. ગ્રૂપ-બીના મુકાબલામાં ટોસ જીતીને ઓસ્ટ્રેલિયાએ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો જે એકદમ સવારે સાબિત થયો. ઓસી.ના બોલરોએ શાનદાર પ્રદર્શન કરતા નામિબિયાને ૭૨ રનમાં જ ઓલઆઉટ કર્યું હતું. ૭૩ રનના લક્ષ્યાંકની સામે ઓસ્ટ્રેલિયાએ માત્ર પ.૪ ઓવરમાં જ ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો.

એન્ટીગુઆના સર વિવિયન રિચર્ડસ સ્ટેડિયમમાં નામિબિયાની શરૂઆત બહુ જ ખરાબ રહી હતી. માઈકલ ૧૦ બોલમાં ૧૦ રન, ડેવિન બ બોલમાં બે રન, ફ્રાયલિન્ક દ બોલમાં એક રન બનાવી આઉટ થયા હતા. નામિબિયાના સુકાનીએ ૪૩ બોલમાં ૪ બાઉન્ડ્રી અને એક સિક્સરની મદદથી ૪૩ રનની ઉપયોગી ઈનિંગ રમી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી એડમ ઝામ્પાએ ૪ ઓવરમાં ૧૨ રન આપી ચાર વિકેટ ઝડપી હતી. હેઝલવુડ અને સ્ટોનિસે બે-બે વિકેટ ઝડપી હતી. રનચેઝ કરનાર ઓસ્ટ્રેલિયાએ માત્ર ૩૪ બોલમાં જ ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. ડેવિડ વોર્નર ૨૦ રન બનાવી આઉટ થયો હતો. ટ્રેવિસ હેડ (૩૪), મિચેલ માર્શ (૧૮) રન બનાવી અણનમ રહ્યા હતા. ઓસ્ટ્રેલિયા સાઉથ આફ્રિકા બાદ સુપર-૮માં પહોંચનારી બીજી ટીમ બની.

ટી-૨૦ વર્લ્ડકપમાં સૌથી વધારે બોલ બાકી રાખી જીત

બોલ	વિજેતા ટીમ	વિરોધી ટીમ	વર્ષ
૯૦	શ્રીલંકા	નેધરલેન્ડ્સ	૨૦૧૪
૮૬	ઓસ્ટ્રેલિયા	નામિબિયા	૨૦૨૪
૮૨	ઓસ્ટ્રેલિયા	બાંગ્લાદેશ	૨૦૨૨
૮૧	ભારત	સ્કોટલેન્ડ	૨૦૨૧
૭૭	શ્રીલંકા	નેધરલેન્ડ્સ	૨૦૨૧

ટી-૨૦ વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયાના પાવરપ્લેમાં હાઈએસ્ટ સ્કોર

રન	વિરોધી ટીમ	વર્ષ
૭૪	નામિબિયા	૨૦૨૪
૭૪	ઇંગ્લેન્ડ	૨૦૨૪
૬૭	બાંગ્લાદેશ	૨૦૨૧
૬૩	શ્રીલંકા	૨૦૨૧
૬૨	બાંગ્લાદેશ	૨૦૦૭
૬૨	વેસ્ટઇન્ડિઝ	૨૦૧૨

ઓમાન સામેની મેચમાં ઇંગ્લેન્ડ માટે વરસાદ વિલન બને તેવી સંભાવના

। નોર્થ સાઉન્ડ (એન્ટિગુઆ) ।

પોતાનો પ્રથમ વિજય મેળવવા માટે આતુર બનેલી ઈંગ્લેન્ડની ટીમની આશા ઉપર વરસાદ પાણી ફેરવી શકે છે. ઈંગ્લેન્ડ શુક્રવારે વહેલી સવારે ૧૨:૩૦ કલાકે ઓમાન સામે ટકરાશે ત્યારે ઈંગ્લિશ ટીમે ગ્રૂપ-બીમાં પોતાની બાકીની બંને મેચમાં કોઈ પણ ભોગે વિજય હાંસલ કરવા પડે તેવી સ્થિતિ છે. ઈંગ્લેન્ડનો બે મેચમાં માત્ર એક પોઈન્ટ છે જે સ્કોટલેન્ટ સામેની મેચ વરસાદના કારણે ધોવાઈ જવાના કારણે મળ્યો હતો. જોસ બટલરની ટીમ માટે સારા સમાચાર નથી કારણ કે હવામાન ખાતાએ ઓમાન સામેની મેચ દરમિયાન વરસાદ પડશે તેવી માહિતી આપી છે. ઈંગ્લેન્ડે ઓમાન બાદ પોતાની છેલ્લી લીગ મેચ નોર્થ સાઉન્ડ ખાતે જ નામિબિયા સામે રમવાની છે. આ બંને મેચ જીત્યા બાદ પણ ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયા અને સ્કોટલેન્ડ વચ્ચેના મુકાબલામાં પરિણામ પોતાની તરફેણમાં આવવાની તેવી આશા રાખવી પડશે. ઓસ્ટ્રેલિયા સતત ત્રણ મેચ જીતીને સુપર-૮માં પહોંચી ગયું છે. સ્કોટલેન્ડ ત્રણ મેચમાં પાંચ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે અને તે જો પોતાની છેલ્લી લીગ મેચમાં ઓસ્ટ્રેલિયાને હરાવશે તો તેના સાત પોઈન્ટ થશે અને તે સુપર-૮ માટે ક્વોલિફાય થશે. આ સ્થિતિમાં ઈંગ્લેન્ડ ઓસ્ટ્રેલિયાનો વિજય થાય તેવી આશા રાખશે. ઓમાન પોતાની તમામ ત્રણેય મેચ ગુમાવી ચૂક્યું છે અને તે સુપર-૮ની રેસમાંથી બહાર પણ થઈ ગયું છે.

ફિડે વર્લ્ડ જુનિયર ચેસમાં દિવ્યા અને મામિકોનનો દબદબો જારી

અમદાવાદ : ભારતની દિવ્યા દેશમુખ ફિડે વર્લ્ડ જુનિયર ચેસ ચેમ્પિયનશિપમાં નવ પોઈન્ટ સાથે પોતાની લીડ જાળવી રાખી હતી. તેણે ભારતની અન્ય ખેલાડી સાચી જૈનને પરાજય આપ્યો હતો. ભારતની રક્ષિતા રવિએ અઝરબૈજાનની અબ્દિનોવા નર્મનિ સામે વિજય હાંસલ કર્યો હતો. ફિડે ફેડરેશનની નોર્મન સેનિયા અને ભારતની શુભી ગુપ્તા વચ્ચેની મેચ રસાકસી બાદ ડ્રો રહી હતી. અઝરબૈજાનની અન્ય ખેલાડી અલ્લાહવેર્દિયેવા અયાને ભારતની સ્વરા લક્ષ્મી નાયર સામે વિજય હાંસલ કર્યો હતો. ઓપન કેટેગરીમાં આર્મેનિયાના વારિબ્યાન મામિકોને આઠ પોઈન્ટ સાથે લીડ મેળવી હતી. તેણે ફિડે ફેડરેશનના મકરિયન ટ્રુઝિક સામેનો રાઉન્ડ જીત્યો હતો. સ્ટ્રીબુક આર્ટિઓમ અને ભારતના પ્રણવ આનંદનો મુકાબલો ડ્રો રહ્યો હતો.

GETCO GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LIMITED
Sardar Patel Vidyut Bhavan, Racecource, Vadodara
www.getcogujarat.com CIN U40100GJ1999SGC036018

IMPORTANT NOTICE
Recruitment for the post of
Vidyut Sahayak Plant Attendant Gr-I (Electrical)

With reference to the advertisement published for the post of Vidyut Sahayak Plant Attendant Gr-I (Electrical) in various newspapers by Gujarat Energy Transmission Corporation Limited (GETCO) on 06.03.2024, the First- tier written test is scheduled to be held at various centres at Ahmedabad on 23.06.2024. All the eligible candidates are hereby informed to download their Admit Card/Hall ticket from company's official website www.getcogujarat.com. The link will be available till 06:00 pm on 22.06.2024.

General Manager (HR)

ICICI Home Finance
કોર્પોરેટ ઓફીસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ, આઈસીઆઈસીઆઈ બેંકએફસી ટાવર,અંધેરી કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૯, ઈન્ડિયા
બ્રાંચ ઓફીસ : ચોથા માળે, ૪૧૦, માઈલ્સ્ટોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પિટલ સામે, ઉધના દરવાજા, સુરત-૩૯૫ ૦૦૨. (જુઓ નિયમ ૮ (દ) ની જોગવાઈ)

ખાનગી સંધિ દ્વારા સ્થાવર સંપત્તિના વેચાણ માટેની નોટીસ
સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ના રૂલ ૮ (૮) આર/કબલ્યુ રૂલ ૯(૧) હેઠળ સ્થાવર અસ્કયામતનું ઈ-ઓકશન વેંચાણ નોટીસ

આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ (આઈસીઆઈસીઆઈ એચએકસી) એ નીચે દર્શાવેલ ગીરવી મુકેલી મિલકતના વેચાણ માટે અમુક ઈ-ઓકશન્સ હાથ ધરી હતી, જોકે આવી તમામ ઈ-ઓકશન નિષ્ફળ ગઈ હતી. આથી, એક રસ ધરાવતા ખરીદદારે રૂા. ૫,૦૦,૦૦૦/- ની રકમમાં આ મિલકત ખરીદવાની ઓફર સાથે આઈસીઆઈસીઆઈ એચએકસીનો સંપર્ક કર્યો છે. કરજદારો અને જામીનદારોને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મળેલ સત્તાની રૂએ આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડની બાકી માટે નીચે જણાવેલ સ્થાવર મિલ્કતનો અધિકૃત અધિકારી દ્વારા પ્રત્યક્ષ કબ્જો લેવામાં આવેલ છે. નીચે સહી કરનારે જ્યાં છે જેમ છે અને જે છે એ આધારે અહી નીચે સંક્ષિપ્તમાં જણાવેલ મિલ્કતને ખાનગી સંધિ દ્વારા વેચવામાં આવશે.

અનુ નં. (એ)	દેવાદાર/રો, સહદેવાદાર/રો જામીનદારોના નામ/ લોન એકાઉન્ટ નંબર (બી)	ટાંચમાં લીધેલ મિલ્કતની વિગત (સી)	બાકીની રકમ (ડી)	અનામત કિંમત જમા કરાવવાની બાનાની રકમ (ઈ)	નિલ્કત નિરીક્ષણની તારીખ અને સમય (એફ)	હરરાજીની તારીખ અને સમય (જી)
૧.	અનિલ કુમાર યાદવ (દેવાદાર) યાદવ શ્યામબાલ કાવીકાપ્રસાદ (સહ-દેવાદાર) જ્ઞાન દેવી (સહ-દેવાદાર) લોન અકાઉન્ટ નં. LHSUR00001367924 & LHSUR00001370862	આર્યા રેસીડેન્સી, પ્લોટ નં. ૧૬૨, આર એસ નં. ૧૫૧, બ્લોક નં. ૮૨, કે જ પી બ્લોક નં. ૮૨/૧૬૨, કારેલી ગામ પાસે, તાલુકો-પલસાણા, જીલ્લો સુરત, ગુજરાત, સુરત-૩૯૪૩૧૬	₹ ૧૪,૧૨,૮૬૦/- ૦૭ જુન, ૨૦૨૪	₹ ૫,૦૦,૦૦૦/- ₹ ૫૦,૦૦૦/-	૨૬ જુન, ૨૦૨૪ સવારે ૧૧:૦૦- બપોરે ૦૩:૦૦	૦૩ જુન, ૨૦૨૪ બપોરે ૦૨:૦૦- બપોરે ૦૩:૦૦

ઓનલાઈન હરરાજી અમારી ઓકશન એજન્સી 'પ્રોબેટ ટેક' ની વેબસાઈટ (URL Link-https://BestAuctionDeal.com) પર થશે. નીચે મુકવાદને ૦૨-૦૭-૨૦૨૪ ના સોજે ૦૫:૦૦ વાગ્યા સુધી બાકી રકમ તથા તેના પરનું વ્યાજ ભરી જરા માટે છેલ્લી તક છે જો તેમ નહી થાય તો નીચેરાં મિલ્કત તેના નકકી કરવામાં આવેલ કાયદેશ મુજબ વેચી દેવામાં આવશે.

ઈચ્છુક બીડરોએ ઉપરોકત જણાવેલ જાણની રકમ જે કીકમ ૫. (ઈ) માં જણાવેલ છે તે રકમ આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ, ચોથા માળે, ૪૧૦, માઈલસ્ટોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પીટલ સામે, ઉધના દરવાજા, સુરત-૩૯૫ ૦૦૨ ના ૦૨-૦૭-૨૦૨૪ બપોરે ૦૪:૦૦ વાગ્યા પહેલા જમા કરાવી સકે. ઈચ્છુક બીડરે અનિવાર્ય કરજોસર કંપનીની ઓકશન ઉપરોકત જણાવેલ તારીખ દરમ્યાન બોલવી ન શકે તો ટેન્ડર દસ્તાવેજની સહી કરેલી કોપી આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ, ચોથા માળે, ૪૧૦, માઈલ સ્ટોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પીટલ સામે, ઉધના દરવાજા, સુરત-૩૯૫ ૦૦૨ ખાતે ત્યારે જ અથવા ૦૨-૦૭-૨૦૨૪ના સોજ સોજે ૦૫:૦૦ વાગ્યા પહેલા રજૂ કરવાની રહેશે. ઈબેમેડી, ટ્રેલી, નેશનલાઈઝ અથવા શીડયુલ બેંકનો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ-ઓકશન નામનો ખર્ચ સુરતથી થાય તેવો હોવો જોઈએ.

નિરીક્ષણ, હરરાજીની શરૂતો અને નિયમો, ટેન્ડર્સ સુપ્રત કરવા, વિગેરે અંગેની વધારે સ્પષ્ટતા માટે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડના ફોન નં. ૦૨૨- ૬૯૬૪૪૩૦૦ ઉપર સંપર્ક કરવો. અથવા અમારા સ્થળ અને બાકીની પાટ્સ સેકસન્સ સાઈટ લીમીટેડ.

સત્તાકર અધિકારીને કોઈપણ બીડ રદ કરવાનો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર છે.

વેચાણની શરતો અને નિયમોની વધારે માહિતી જોઈવી હોય તો આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડની વેબસાઈટ https://www.icicihfc.com/ પર જવું

તારીખ : ૧૩-૦૬-૨૦૨૪
સ્થળ : સુરત
અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ

જાહેર નિવિદા નં.૨ સને ૨૦૨૪-૨૫

ગુજરાત સરકારના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી, ઉકાઈ વિભાગ નં.૧, બીજો માળ, તાપી જલ ભવન, ઉકાઈ તા.સોનગઢ જિ.તાપી. પીન કોડ નં-૩૯૪૬૦૦ ફોન નં.૦૨૬૨૪-૨૩૩૨૨૧ દ્વારા કુલ ૪ (ચાર) કામ માટે જેની અંદાજીત રકમ રૂા.૧.૨૪ કરોડ થી રૂા.૨.૦૯ કરોડ છે. ગુજરાત સરકારના ન.જ.પા.પુ. અને કલ્પસર વિભાગ/ માર્ગ અને મકાન વિભાગમાં યોગ્ય કક્ષામાં નોંધણી ધરાવનાર માન્ય ઇજારદારો પાસેથી ઓન લાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે. જેના ટેન્ડરો www.tender.nprocure.com. ઉપરથી મળશે અને આ સાઇટ ઉપર ઓન લાઇન ભરવાના રહેશે. પ્રસ્તુત ટેન્ડર વેબ સાઇટ ઉપરથી ઓનલાઇન તા.૧૪-૦૬-૨૦૨૪ થી તા.૦૪-૦૭-૨૦૨૪માં રોજ ૧૮.૦૦ કલાક સુધી ઓન લાઇન ભરવાનાં રહેશે. તેમજ ઉક્ત કામના ટેન્ડરના પ્રાઇઝ બીડ તા.૦૫-૦૭-૨૦૨૪ના રોજ ૧૨.૦૦ કલાકે ઓન લાઇન ખોલવામાં આવશે.

૧. સદર કામ અંગે વધુ વિગતો ઉપરોક્ત વેબ સાઇટવેબ પર અથવા કાર્યપાલક ઇજનેરશ્રી, ઉકાઈ વિભાગ નં.૧, બીજો માળ, તાપી જલ ભવન, ઉકાઈ તા.સોનગઢ જી. તાપી-૩૯૪૬૦૦નો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

૨. નોંધ:- સદર કામની નિવિદા અંગે સુધારા/વધારા ફક્ત ઉક્ત ઓનલાઈન વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

કમાંક : માહિતી-સુરત/૯૪/૨૦૨૪

ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, નીચે જણાવેલ વર્ણન અને ચિત્રતપણી મીલકત થી સરકેશી એકર હેલ્થ યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, રામપુરા શાખા ના કબ્જા માં લાવી આવેલી છે અને સદરહું મીલકત ઉપર યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, રામપુરા શાખા માંથી નાંણાંકીય સવલત મેળવેલી અને સદરહું મીલકત ગીરોમાં મુકેલી હતી. અને સદરહું મીલકતના તમામ અસલ દસ્તાવેજો ગીરોમાં મુકવા માટે યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, રામપુરા શાખા, સુરતમાં જમા કરાવેલ. પરંતુ મોજેજ બાદ અગાઉના માલીકનો નીચે જણાવેલ વિગતવાળા દસ્તાવેજો ઘણી શોધખોળ કરાવા છતા મળી આવેલ નથી. જે અસલ દસ્તાવેજ ગેરવલ્લે યાને ગુમ થયેલ છે માટે સદરહું મીલકત બાબતે કોઈને કોઈપણ જાતનો વાંધો કે વાર્જ બોજો લીયન હોય તો તેણેએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં પુરાવા સહીત લેખીતમાં જાણ કરવી. મુદ્દત વિત્યે કોઈના કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં અને તેમણે પોતાના તમામ હક હિસ્સો જતો કર્યો છે તેમ માની લેસુ અને પાછળથી કોઈના કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહીં અને જો કરશે તો આ જાહેર નોટીસથી રદ બાતલ ગણાશે જેની ફરી છેવટની નોંધ લેવી.

ખોવાઈ ગયેલા દસ્તાવેજોની વિગત
અસલ વેચાણ દસ્તાવેજ નં.૧૯૧૧ , તા.૨૯/૦૬/૨૦૧૦ તથા તેની રજીસ્ટ્રેશનની અસલ પાવતી.

-: મીલકતની વિગત :-
સુરત જીલ્લાના, તાલુકા કામરેજ મોજે ગામ કામરેજના, બ્લોક નં.૩૮૦, સર્વે નં.૩૯૭/૨ તથા બ્લોક નં.૩૮૮, સર્વે નં.૩૯૭/૧ વાળી અનુક્રમે ૧૬૨૧ ચો.મી. તથા ૧૬૨૧૦ ચો.મી. મળી કુલે ૩૨૮૨૧ ચો.મી. બિનખેતીની જમીન માં આવેલીત રોબંગ રેસીડેન્સી ના નામે પાડવામાં આવેલ કલોઝ ના પ્લોટો પૈકી ૩૮૦/૧૬૫ જે પ્લોટ નંબર ૧૯૧ વાળી મીલકત કે જેનુ મોજુદમ ૧૩૦ ચો.મી.ટર યાને કે ૫૮.૫૫ ચો.મી તે મુજબ પ્લોટ વાળી લાગતા વળગતા મંદર તથા બહારના તમામ હકક ઝડીનની વિગતન

દર્શીલ જયેશકુમાર શાહ એડવોકેટ
૪૦૪,જે.કે.ટાવર, રીંગરોડ, સુરત.મો.૯૦૧૬૯૫૮૪૭૮'

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સુરત સીટી (અડાજણ) સબ ડીસ્ટ્રીકટ (જુના ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ), મોજે અડાજણ ના રે.સ.નં. ૪૪ વાળી બીનખેતીની જમીન પૈકી દક્ષિણ દિશા તરફ આવેલ જમીન, ટી.પી.સ્કીમ નં. ૩૧(અડાજણ), ફાઈનલ પ્લોટ નં. ૧૫૭, સીટી સર્વે નં. ૧૫૭ વાળી જમીન ઉપર મંજુર થયેલ પ્લાન મુજબ શ્રી ક્રિષ્ણા કો-ઓપ. હાઉસીંગ લિ. દ્વારા નવા બાંધવામાં આવેલ બિલ્ડીંગ નં. "ઇ" ના છઠ્ઠા માળે આવેલ ઇ-૬૦૧ (જૂના બાંધકામ મુજબના ફલેટ નં. ૩૦૩, ત્રીજો માળ, બિલ્ડીંગ નં. ૬) ના માલીક શૈલેષ હરિસિંહભાઈ જુના રેકર્ડ તથા જુના વેચાણ દસ્તાવેજના આધારે માલીક થતા હોવાનુ જણાઈ આવે છે. સદરહું મિલકતના (૧) વેચાણ દસ્તાવેજ નં. ૫૬૩૫, તા.૦૯/૦૫/૨૦૦૫ ની રજી. ફી ભર્યા અંગેની અસલ રસીદ, (૨) વેચાણ